GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના"
હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ અગિયારસ શનિવાર ૨૫ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૩૩

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ બાબતે કોઇ બાંધછોડ નહીં: CJP

**કોન્સ્ટીટ્યુશન** કલબ ખાતે સીજેપી અને સરકારના મંત્રીઓ વચ્ચે બેઠક યોજાઇ


**CJPએ** સરકાર સમક્ષ પોતાની માગણીઓ અને પરીક્ષા પધ્ધતિમાં સુધારા માટેના સૂચનો મૂક્યા

આંદોલનકારીઓ અને સરકાર વચ્ચે આ ત્રીજી બેઠક યોજાઇ, મંત્રી નડ્ડાએ નિર્ણય લેવા શનિવાર સુધીનો સમય માંગ્યો

**તટસ્થ** સ્થળે યોજાયેલી ૨ કલાકની હાઇ-વોલ્ટેજ બેઠકમાં પ્રદર્શનકારીઓ સામેના કેસ પાછા ખેંચવા અને વળતર આપવા પર સરકારની સૈદ્ધાંતિક સંમતિ

**નવી દિલ્હી, તા. 24:** 'કોકરોચ જનતા પાર્ટી'(CJP) એ શુક્રવારે સરકારને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની તેમની માંગ બાબતે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. આ સાથે જ તેમણે ૨૦ જુલાઈના રોજ નિષ્ઠુરતાપૂર્વક મારપીટનો ભોગ બનેલા આંદોલનકારી વિદ્યાર્થીઓની સાર્વજનિક માફી માંગવાની અપીલ કરી છે.

કેન્દ્રીય મંત્રીઓ જે. પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહ સાથેની મુલાકાતમાં CJPએ ૩ મેના રોજ NEET ની પરીક્ષા રદ થયા બાદ આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓના પરિવારો માટે ૧ કરોડના વળતરની પણ માંગ કરી છે, તેમ પક્ષના પ્રવક્તા સૌરવ દાસે જણાવ્યું હતું. વિઠ્ઠલભાઈ પટેલ હાઉસ કોમ્પ્લેક્ષમાં આવેલ કોન્સ્ટીટ્યુશન કબલમાં યોજાયેલી આ બે કલાકની બેઠકનો મુખ્ય હેતુ NEET પેપર લીક અને પરીક્ષા પદ્ધતિની અન્ય અનિયમિતતાઓ સામે ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોનો સૌહાર્દપૂર્ણ ઉકેલ લાવવાનો હતો. જે. પી. નડ્ડાએ જણાવ્યું કે મંત્રીઓએ તેમની માંગણીઓ સાંભળી છે અને CJP ને આ અંગે વહેલી તકે જવાબ આપવાનું આશ્વાસન આપ્યું છે. તેમણે ઉમેર્યું, અમે શનિવારે ફરીથી બેઠક કરીશું. બેઠક બાદ પત્રકારો સાથે વાતો કરતા દાસે કહ્યું, અમે કેન્દ્રીય મંત્રીઓને સ્પષ્ટ કહી દીધું છે કે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની અમારી માંગ બિલકુલ બિન-વાટાઘાટપાત્ર છે. વાટાઘાટોમાં કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા, જિતેન્દ્ર સિંહ અને CJP પ્રવક્તા સૌરભ દાસ, આશુતોષ રાંકા સામેલ થયા હતા. બેઠક પછી CJP પ્રવક્તા આશુતોષે દૈનિક ભાસ્કરને કહ્યું, 'અમે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પર કોઈ સમજૂતી નહીં કરીએ. સરકારે વળતર આપવા અને પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલા કેસ પાછા ખેંચવા પર સહમતિ દર્શાવી છે.' કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ જણાવ્યું, 'બે કલાકની વાતચીતમાં CJPએ સરકાર સમક્ષ ૩ મુખ્ય માંગણીઓ અને પરીક્ષા પદ્ધતિમાં સુધારાના ૫ સૂચનો મૂક્યા છે. અમે આના પર વિચાર કરવા માટે આવતીકાલ સુધીનો સમય માંગ્યો છે.' શુક્રવારની આ બેઠક સામાજિક કાર્યકર સોનમ વાંગચુક દ્વારા તેમની મુખ્ય માંગણીઓ પર સરકારની ખાતરી મળ્યા બાદ ગુરુવારે મોડી રાત્રે ૨૬ દિવસના ઉપવાસ પૂરા કર્યાના કલાકો પછી યોજાઈ હતી. CJP એ અગાઉ મંત્રીના નિવાસસ્થાને કે કાર્યાલય પર વાતચીત કરવાની સરકારની ભલામણને નકારી કાઢી હતી અને ચર્ચા કોઈ તટસ્થ સ્થળે યોજાય તેવી જીદ રાખી હતી. સંગઠને સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે ત્યાં સુધી જંતર-મંતર પર તેમનો વિરોધ ચાલુ રહેશે. આ પહેલા નડ્ડાએ ૨૦ જુલાઈના રોજ તેમના નિવાસસ્થાને દાસ અને રંકા સાથે સળંગ બે બેઠકો યોજી હતી. એ જ દિવસે હજારો પ્રદર્શનકારીઓએ 'સંસદ ચલો' ના નારા સાથે સંસદ તરફ કૂચ કરી હતી, પરંતુ પોલીસે લાઠીચાર્જ અને ટીયરગેસ છોડીને તેમને પાછા ધકેલી દીધા હતા, જેમાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા.



## NEET મુદ્દે દેશભરમાં આંદોલન, કોંગ્રેસે મીણબત્તી માર્ચની જાહેરાત કરી

**નવી દિલ્હી.** NEET પેપર લીક મુદ્દે ચાલી રહેલું CJPનું આંદોલન હવે દેશના અનેક રાજ્યોમાં ફેલાઈ ગયું છે. દિલ્હી પોલીસના 20 જુલાઈના લાઠીચાર્જનો વિરોધ અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે વિવિધ શહેરોમાં દેખાવો યોજાયા હતા. આ દરમિયાન કોંગ્રેસે શનિવારે દેશના દરેક જિલ્લામાં મીણબત્તી માર્ચ અને સત્યાગ્રહ યોજવાની જાહેરાત કરી છે. મુંબઈમાં શિવસેના (UBT)ના બેનર હેઠળ હજારો વિદ્યાર્થીઓ અને કાર્યકરો 'ત્રિરંગા મોરચા'માં જોડાયા હતા. પુણેમાં ભારે વરસાદ વચ્ચે વિદ્યાર્થીઓ, વકીલો અને વિવિધ સંગઠનોના સભ્યોએ વિરોધ રેલી કાઢી હતી. નાગપુરમાં NEET ઉમેદવારના આપઘાત કેસમાં માતાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી હતી. કોલકાતામાં ડાબેરી વિદ્યાર્થી સંગઠનો અને પોલીસ વચ્ચે અથડામણ થતાં લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ કરવો પડ્યો હતો. કર્ણાટક, ચંદીગઢ, હરિયાણાના કૈથલ, કેરળ, તેલંગાણા, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુમાં પણ વિરોધ પ્રદર્શન થયા હતા. કેટલાક સ્થળોએ ખેડૂતો, યુવા સંગઠનો અને વકીલો પણ વિદ્યાર્થીઓના સમર્થનમાં જોડાયા હતા. તમિલનાડુમાં NEET રદ કરવાની માંગ સાથે 500થી વધુ લોકો, જેમાં ફિલ્મ જગતના કેટલાક લોકો પણ સામેલ હતા, વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા.

## CJPએ સરકાર સમક્ષ કઇ માગણીઓ મૂકી?

નીટ પરીક્ષા રદ થતા આત્મહત્યા કરનારાઓના પરિવારો માટે ૧ કરોડના વળતર ઉપરાંત CJP પોતાના પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલા તમામ FIR પાછા ખેંચવાની પણ માંગ કરી રહી છે. સરકારને લખેલા એક પત્રમાં CJPએ પોતાનું વલણ સ્પષ્ટ કરી જ દીધું હતું. પત્રમાં વધુમાં જણાવાયું હતું કે, આ ઉપરાંત, ભારત સરકાર, રેપિડ એક્શન ફોર્સ (RAF) ના વડા અને દિલ્હી પોલીસ કમિશનરે પણ આ દળો દ્વારા જે વિદ્યાર્થીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો તેમની જાહેર માફી માંગવી જોઈએ. સંગઠને આ માંગણીઓ વહેલી તકે સ્વીકારવાની વિનંતી કરી છે, નહિતર આ આંદોલન વધુ વ્યાપક બનશે અને સમગ્ર દેશમાં ફેલાઈ જશે તેવી ચેતવણી આપી છે.



# હિમાચલમાં પહાડ પરથી શિલાઓ ધસી પડતાં 13નાં મોત

**લાહૌલ**-સ્પિતિમાં ચાલતી ટેક્સી કચડાઇ; છ મહિનાનું બાળક પણ ભોગ બન્યું, બે મુસાફરોનો આબાદ બચાવ

શિમલા, તા. 24 (પીટીઆઈ): હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પિતિ જિલ્લામાં શુક્રવારે ભયાનક માર્ગ અકસ્માતમાં છ મહિનાના બાળક સહિત 13 લોકોનાં મોત થયાં હતાં. ઉદયપુર-પાંગી માર્ગ પર ચાલતી એક ટેક્સી પર અચાનક પહાડ પરથી વિશાળ શિલાઓ તૂટી પડતાં વાહન સંપૂર્ણપણે કચડાઈ ગયું હતું. અકસ્માત બાદ વાહનના પાછળના ભાગમાં આગ પણ લાગી હતી. જોકે, કારમાંથી કૂદી પડેલા બે મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, કુલ્લુથી કિલ્લર જતી એસયુવીમાં 15 લોકો મુસાફરી કરી રહ્યા હતા. કાડુ નાળાની નજીક આ અકસ્માત બન્યો હતો. સ્થાનિક લોકો અને સેનાના જવાનોએ આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે પોલીસ, બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન (BRO) અને પ્રશાસને તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી.

મૃતકોમાં સાત પુરુષો, ચાર મહિલાઓ અને છ મહિનાનું બાળક સામેલ છે. મોટાભાગના મૃતકો ચંબા જિલ્લાના પાંગી વિસ્તારના રહેવાસી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

...અનુસંધાન પાના 11 પર

# 26 દિવસ બાદ સોનમ વાંગચુકે અનશન તોડ્યા

**પેપર લીક,** પરીક્ષા સુધારા અને પ્રદર્શનકારીઓ સામેના કેસ મુદ્દે સરકારના આશ્વાસન બાદ લીધો નિર્ણય

**જંતર-મંતર** પર CJPનો વિરોધ યથાવત, ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સહિતની માંગણીઓ પર અડગ



**નવી દિલ્હી, તા. 24 (PTI):** સામાજિક કાર્યકર સોનમ વાંગચુકે કેન્દ્ર સરકાર તરફથી પોતાની મુખ્ય માગણીઓ પર હકારાત્મક આશ્વાસન મળ્યા બાદ 26 દિવસથી ચાલી રહેલી અનિશ્ચિત ભૂખ હડતાળ સમાપ્ત કરી હતી.

ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં ગુરુવારે મોડી રાત્રે કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહે તેમની મુલાકાત લઈ સરકારનું વલણ સ્પષ્ટ કર્યા બાદ વાંગચુકે ભૂખ હડતાળ સમાપ્ત કરવાની જાહેરાત કરી હતી.

વાંગચુકે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે લાંબી ચર્ચા અને દેશભરમાં હિંસા ટાળવાના હેતુથી કેટલીક શરતોના આધારે તેમણે અનશન સમાપ્ત કર્યું છે. આગામી દિવસોમાં તેઓ આ શરતો અંગે વિગતવાર માહિતી આપશે. તેમણે લોકોને શાંતિ જાળવવાની અપીલ પણ કરી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વાંગચુકના સ્વાસ્થ્ય માટે શુભેચ્છા પાઠવી અને ડૉક્ટરોની સલાહ મુજબ નિયમિત જીવનશૈલી અપનાવવાની અપીલ કરી હતી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું કે જંતર-મંતર પર શાંતિપૂર્ણ વિરોધ કરનારા તેમજ

...અનુસંધાન પાના 11 પર

# પેપર લીક કેસોમાં રૂ. ૧૦ કરોડના દંડ અને ૧૦ વર્ષની જેલની સજા આવશે

**હાલના** કાયદામાં સુધારા માટેના ખરડાના મુસદ્દાને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી

**આ ખરડો** સોમવારે સંસદમાં રજૂ થાય તેવી શક્યતા

**નવી દિલ્હી, તા. 24 (PTI):** વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ અંગે કરવામાં આવેલી જાહેરાતના થોડા જ કલાકોમાં, કેન્દ્રીય કેબિનેટે શુક્રવારે પેપર લીક માટે રૂ. 10 કરોડ સુધીના દંડ સહિતની કડક સજા સુનિશ્ચિત કરવા માટેના એક ડ્રાફ્ટ બિલને મંજૂરી આપી દીધી છે, તેમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

સંસદ ભવન સંકુલમાં વડાપ્રધાનના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં વર્તમાન કાયદાની તુલનામાં પેપર લીકમાં સામેલ લોકો માટે કડક સજાની જોગવાઈ કરતા ડ્રાફ્ટ બિલને મંજૂરી આપવામાં આવી હતી. આ ખરડો 'ધ પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ, 2024' માં સુધારો કરશે, જેમાં પેપર લીકમાં સામેલ વ્યક્તિઓ માટે ન્યૂનતમ પાંચ વર્ષની કેદની સજા અને/અથવા દંડની દરખાસ્ત કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સંગઠિત પેપર લીકના કિસ્સામાં 10 વર્ષ સુધીની જેલ અને વધુમાં વધુ રૂ. 10 કરોડના દંડની દરખાસ્ત કરે છે.

હાલના કાયદામાં વ્યક્તિઓ માટે ત્રણથી પાંચ વર્ષની કેદ અને સંગઠિત ગુનાખોરી દ્વારા થતી ચોરી તથા પેપર લીકમાં સામેલ લોકો માટે પાંચથી 10 વર્ષની કેદ અને ન્યૂનતમ રૂ. 1 કરોડના દંડની જોગવાઈ છે. આ બિલનો હેતુ આર્થિક લાભ માટે ગેરરીતિઓ આચરતી સંગઠિત ગેંગ અને સંસ્થાઓને રોકવાનો છે, જ્યારે પરીક્ષાર્થીઓને આ કાયદાની જોગવાઈઓ સામે રક્ષણ આપવામાં આવ્યું છે. હાલનો કાયદો UPSC, SSC જેવી ભરતી પરીક્ષાઓ અને NEET, JEE તથા CUET જેવી પ્રવેશ પરીક્ષાઓમાં પેપર લીક, ગેરરીતિઓ તેમજ સંગઠિત ગેરરીતિઓને અટકાવવા માટેનો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, સુધારા વિધેયક સોમવારે સંસદમાં રજૂ થાય તેવી શક્યતા છે, જેની જાહેરાત વડાપ્રધાન મોદીએ ગુરૂવારે મધ્યરાત્રિની આસપાસ જારી કરેલા એક વિડિયો સંદેશમાં કરી હતી.

## હાલના કાયદામાં ૧૦ વર્ષની જેલની સજા, રૂ. ૧ કરોડ દંડની જોગવાઇ છે

**નવી દિલ્હી.** જ્યારે કેન્દ્ર સરકાર પેપર લીકના તીવ્ર વિવાદોનો સામનો કરી રહી હતી, ત્યારે ૨૦૨૪માં પણ તે એક નવો કાયદો લાવવામાં આવી હતી. 'ધી પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ, ૨૦૨૪' ને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મંજૂરી આપ્યાના લગભગ ચાર મહિના પછી, જૂન ૨૦૨૪ માં આ કાયદાને જાહેર કરવામાં આવ્યો હતો, તે સમયે કથિત NEET અને NET પેપર લીકને કારણે લોકોમાં ભારે અસંતોષ હતો. આ કાયદામાં મહત્તમ ૧૦ વર્ષની જેલની સજા અને રૂ. ૧ કરોડના દંડની જોગવાઇ છે. આ કાયદા પહેલાં, કેન્દ્ર સરકાર અને તેની એજન્સીઓ દ્વારા આયોજિત જાહેર પરીક્ષાઓમાં સામેલ વિવિધ સંસ્થાઓ કે વ્યક્તિઓ દ્વારા આચરવામાં આવતી ગેરરીતિઓ અથવા ગુનાઓ સામે કાર્યવાહી કરવા માટે કોઈ ચોક્કસ વિશેષ કાયદો અસ્તિત્વમાં નહોતો.

# મોડી રાત્રે સેલ્ફી વીડિયો શેર કરી મોદીએ વિદ્યાર્થીઓને સંબોધ્યા

**પેપર** લીક મુદ્દે કડક કાર્યવાહીની ખાતરી આપતા સંદેશને સોશિયલ મીડિયા પર પ્રશંસા અને ટીકા બંને મળી

**નવી દિલ્હી, તા. 24:** NEET પેપર લીક વિવાદ અને તેના અનુસંધાને ચાલી રહેલું વિદ્યાર્થી આંદોલન ઉગ્ર થતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે રાત્રે 11:52 વાગ્યે સેલ્ફી વીડિયો જાહેર કરી સીધો વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા. ત્રણ મિનિટથી ઓછા સમયના આ વીડિયોમાં તેમણે પેપર લીકને 'સામાન્ય મુદ્દો નહીં' ગણાવતા દોષિતો સામે કડક કાર્યવાહી અને ફાસ્ટ-ટ્રેક કોર્ટ માટે નવા કાયદાનું આશ્વાસન આપ્યું હતું.

વડા પ્રધાનનો આ સંદેશ તેમની પરંપરાગત સંબોધન શૈલીથી અલગ હતો. સત્તાવાર મંચને બદલે સેલ્ફી મોડમાં બનાવાયેલો વીડિયો ખાસ કરીને સોશિયલ મીડિયા પર સક્રિય Gen Z સુધી સીધો પહોંચવાનો પ્રયાસ માનવામાં આવ્યો. મોદીએ વિદ્યાર્થીઓને "મિત્રો" કહી સંબોધ્યા અને જણાવ્યું કે સરકારની પ્રથમ પ્રાથમિકતા કોઈ પણ વિદ્યાર્થીનું શૈક્ષણિક વર્ષ બગડે નહીં તેની હતી. તેમણે જણાવ્યું કે આશરે 22 લાખ વિદ્યાર્થીઓ માટે ઝડપથી પરીક્ષા યોજી પરિણામ પણ જાહેર કરાયું છે.

વિશ્લેષકોના મતે, સેલ્ફી મોડમાં અને મોડી રાત્રે પોસ્ટ કરાયેલા વીડિયો દ્વારા વડાપ્રધાને યુવા પેઢી સુધી સીધો પહોંચવાનો પ્રયાસ કર્યો જેનાથી આ વીડિયોને કરોડો લોકો સુધી પહોંચાડવામાં સફળતા મળી છે.

જોકે વીડિયોને સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. અનેક લોકોએ શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની જવાબદારી અને CJPના પ્રદર્શનકારીઓ સામે થયેલી પોલીસ કાર્યવાહી અંગે પણ સ્પષ્ટતા કરવાની માગ કરી હતી. કેટલાકે તેને મોડો પ્રતિસાદ ગણાવ્યો, જ્યારે અન્યોએ

**તા. ૨૪-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન**

| વરસાદ | આજનો | મોસમનો |
|---|---|---|
| (૧૮.૦૦ કલાક સુધી) | ૧૮.૦૦ મીમી | ૩૫૬.૦૦ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૨૯.૪૦ સે. | ૨૪.૪૦ સે. | ૯૪% |



વડા પ્રધાનને વીડિયો સંદેશને બદલે પત્રકાર પરિષદ યોજવાની સલાહ આપી હતી.

## ઈન્સ્ટાને ધ્યાનમાં રાખી વર્ટિકલ વીડિયો અને જેન ઝી એક્ટિવ હોય એ માટે મધરાતનો સમય પસંદ કર્યો

આ પહેલ પ્રધાનમંત્રીની વાતચીત કરવાની સામાન્ય શૈલી કરતાં તદ્દન અલગ હતી. કદાચ આ પહેલો પ્રસંગ હશે જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈન્સ્ટાગ્રામને ધ્યાનમાં રાખી વર્ટિકલ સેલ્ફી વીડિયો બનાવ્યો હોય. કોઈ સરકારી સ્થળેથી ટીવી પર ભાષણ આપવાને બદલે, મોદીએ ત્રણ મિનિટથી પણ નાનો એક સેલ્ફી વીડિયો પસંદ કર્યો, જે કદાચ યુવાનો અને 'ડિજિટલ-ફર્સ્ટ' દર્શકોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને 'મિત્રો' કહીને સંબોધતા તેમણે કહ્યું, "હું જાણું છું કે પેપર લીક થવું એ કોઈ નાની વાત નથી. આનાથી લાખો વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતાને ભારે દુઃખ પહોંચ્યું છે. આ જ કારણે, પેપર લીકની ઘટના પછી છેલ્લા અઢી મહિનામાં ઘણા પગલાં લેવામાં આવ્યા છે... દોષિતોની ધરપકડ કરી લેવામાં આવી છે અને તેઓ હવે જેલમાં છે." આ મેસેજનો સમય પણ ખૂબ જ ખાસ હતો. પ્રધાનમંત્રી મોદી મોડી રાત્રે વીડિયો નિવેદન જાહેર કરવા માટે જાણીતા નથી. નોટબંધી કે

...અનુસંધાન પાના 11 પર

